


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી વિહાર સેવા ગૃપ સંચાલિત

# મોrninગ ન્યુઝ

વર્ષ-૨, અંક - ૬ જેઠ વદ-૪, ૨૦૭૦ તા. ૧૬-૦૬-૧૪

તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત
મો. ૯૮૨૫૧૨૧૪૫૫

## ગુડ મોrninગ

### न तोषात् परमं सुखम् ॥

એક ભાઈને પૂછ્યું :
'તમે સુખી છો ?'
એમણે કહ્યું : ના,
મેં કહ્યું : કેમ ? પૈસા તો ઘણા છે.
તો કહે : પૈસાનું શું કરવાનું ? પુત્ર નથી એનું શું ?
પૈસા–પુત્ર વાળાને પૂછીએ......
તો કહેશે કે પત્ની કજિયાળી છે.
ત્રણેય સારું હોય તો જવાબ મળે કે
શરીરમાં રોગ ઘણા છે.
જો સુખ પૈસામાં / પુત્રમાં / પરિવારમાં / શરીરમાં
નથી, તો સુખ ક્યાં છે ?
જ્ઞાની કહે છે : સુખ સંતોષમાં છે.
સંતોષથી મોટું આ જગતમાં સુખ ક્યાં છે ?
સંપત્તિ અને સાધનોમાં
આજનો માનવી સુખને જુએ છે.
એટલે જ આ બધું તે વધારતો જાય છે.
પણ ક્યારેક એવું લાગે છે...
કે આ બધું જ એનું દુઃખ વધારનારું છે.
આજનાં છાપાં જરા ઉઘાડીને જોજો......
ખૂન કોનાં થાય છે ?
રેડ કોને ત્યાં પડે છે ?
કીડનેપ કોનું થાય છે ?
લૂંટ–ચોરી ક્યાં થાય છે ?
**તમે જ બોલી ઉઠશો......**
**ન તોષાત્ પરમં સુખમ્.**

### वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ॥

કવિ ભવભૂતિની આ પંક્તિ છે.
મહાપુરુષનાં હૃદય કેવાં હોય
એનો આ પંક્તિમાં જવાબ છે.
તેઓ એકલાં કઠોર પણ ન હોય,
એકલાં કોમળ પણ નહિ.
એકલી કઠોરતા આશ્રિતના જીવનમાં પોતાના
પ્રત્યે ધિક્કારભાવ ઉત્પન્ન કરાવે.
એકલી કોમળતા
એનું જીવન શિથિલ બનાવી દે.
બંને જોઇએ.
જ્યારે જેની જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરે.
કુંભારને ઘડો બનાવતાં જોયો છે ?
અંદરથી હળવો હાથ રાખે, અને
ઉપરથી થપાટ મારતો જાય.
તો જ ઘડો તૈયાર થાય.
શાસ્ત્રમાં આચાર્ય માટેનાં બે વિશેષણો છે...
ભીમ અને કાન્ત.
ભીમ એટલે કઠણ, કાંત એટલે સૌમ્ય.
બીજા કોઈએ પણ 'મા' માટે લખ્યું છે ને...
'જે કર ઝૂલાવે પારણું
તે જગ ઉપર શાસન કરે.'
ગુરુનો શિષ્ય પ્રત્યે
**પિતાનો પુત્ર પ્રત્યે**
**પતિનો પત્ની પ્રત્યે**
**આવો વ્યવહાર હોવો જોઈએ.**

- ક્વોલિટી



## મોrninગ ટોક

– પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર

એક પ્રશ્ન છે.

તમારે ત્યાં કામ કરતો સ્ટાફ તમારા માટે લાગણીવાળો ખરો ?

૧૦૦%માંથી ૯૦%નો જવાબ કદાચ 'ના'માં હશે.

આનું કારણ ક્યારેય તપાસ્યું છે ?

કારણ લગભગ એક જ હશે. નોકરને લાભ ઓછો કરાવવો અને એનો ગેરલાભ વધુ ઉઠાવવો.

યાદ રહે, નોકર પણ તમારા જેવો જ સજીવ છે. એ નિર્જીવ નથી. જે દ્રવ્યમાંથી તમારું શરીર બન્યું છે, એમાંથી જ એનું બન્યું છે. પાપી પેટ ખાતર એને કદાચ તમારી પરાધીનતા સ્વીકારવી પડી છે... એનો મતલબ એ નથી કે એનો વધુને વધુ કસ કાઢવો.

એક બીજી વાત... તમે તમારા ધંધામાં બહુ બહુ તો સંપત્તિને રોકો છો, જ્યારે તમારે ત્યાં કામ કરતા માણસો તો તમારા ધંધામાં પોતાનું આખું જીવન રોકી દેતા હોય છે. વળી તમે ગમે ત્યાં મન પડે ત્યાં જઈ શકો છો, પણ તમારા માણસો મરજી પડે ત્યાં, મરજી પડે ત્યારે જઈ શકતા નથી. કારણ કે એ તમને બંધાયેલા છે. આવા માણસોને, એમના પરિવારને સાચવી લેવાની તમારી કોઈ જવાબદારી ખરી કે નહિ ?

હાલત તો બહુ ઉલટી છે.

આખું વરસ સમયસર આવનાર નોકર એક દિવસ એકાદ–બે કલાક નોકરીમાં લેઈટ પડે તો એના પર તમે ગરમ થઈ જાવ છો. ન સંભળાવવાનું સંભળાવી દો છો. એનો પગાર કાપી નાંખો છો.

કમાલ છે ! નોકર લેઈટ પડે તો એનો પગાર કાપી નાંખવાનો... જો તમે અમારા પ્રવચનમાં લેઈટ પડો તો તમને સજા આપવાનું ચાલુ કરીએ ? અમે તમારા પર ગરમ થઈએ ? તો બીજા દિવસથી સમયસર આવવાનું ચાલુ કરી દો કે પ્રવચનમાં આવવાનું જ બંધ કરી દો ?

છોડો આ બધી વાત. ફક્ત એક કામ કરશો ? જો તમારા સ્ટાફને તમારા પરિવારનો સભ્ય ગણી લેશો તો વર્તમાન પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યા વગર નહિ રહે. એકવાર અનુભવ કરી જુઓ. ચકિત થઈ જશો.

જાપાનના એક ફેક્ટરી માલિકે પોતાના ૨૫૦ જણાના સ્ટાફને ભેગા કરીને કહ્યું : જુઓ, કાન ખોલીને સાંભળો. હું છું તો તમે છો. મારા વગર તમારું ઘર ન ચાલત. અને આશ્ચર્ય ! નિષ્ઠાપૂર્વક કામ કરનારા મજૂરોની લાગણી તૂટી ગઈ. બીજા વર્ષે પ્રોડક્શન ઘટી ગયું. જ્યારે બીજા એક માલિકે પોતાના સ્ટાફને એટલું જ કહ્યું : તમારા લીધે મારું ઘર ચાલે છે. અને કમાલ ! બીજા જ વર્ષે કંપનીના માલનું પ્રોડક્શન બમણું થઈ ગયું.





## મોrninગ સ્ટોરી

### એક વાક્યથી ચમત્કાર

અમેરિકામાં બનેલી આ સત્યઘટના છે.

એક મોટા શહેરમાં એક બિલ્ડિંગ પાસે એક બાળક ઉભો હતો. એ અંધ હતો. એની આગળ એક ખાલી હેટ અને એક પાટીયું મુકેલ હતું. પાટીયા ઉપર લખેલ...

મહેરબાની કરીને મદદ કરો – હું અંધ છું.

મેઈન રોડ હોવાને લીધે હજારો લોકો ત્યાંથી પસાર થતા. એમાંથી કો'ક કો'ક ત્યાં એકાદ સેકન્ડ માટે ઉભા રહી, એની હેટમાં નાનો સિક્કો નાંખી આગળ નીકળી જતા.

એક દિવસ એક વિદ્વાન શિક્ષક ત્યાંથી પસાર થતો હતો. એની નજર આ બાળક પર પડી. સાથે બાળક પાસે રહેલા પાટીયા પર પડી. એની હેટમાં પડેલા પરચુરણ સિક્કાઓને જોઈ આ બાળક માટે એને દયાભાવ ઉપજ્યો. એને થયું : આ બાળકની હેટ સિક્કાથી ઉભરાઈ જાય એ માટે મારે કાંઈક કરવું જોઈએ. એકાદ મિનિટ કંઈક વિચાર કરીને એણે પાટીયું ઊંધું કર્યું... કંઈક લઈને થોડા સિક્કા ખાલી હેટમાં નાંખી તે આગળ નીકળી ગયો.

સાંજે એ જ જગ્યાએથી પેલો શિક્ષક નીકળ્યો. એણે જોયું તો આખી હેટ ઘણા બધા સિક્કાથી ભરાઈ ગયેલ. પોતાનો આઈડિયા સકસેસ ગયો છે એ જાણી એને ખૂબજ આનંદ થયો.

અંધ બાળકને પણ એની સિક્શ સેન્સથી ખ્યાલ આવી ગયો કે અત્યારે જે ભાઈ ઉભા છે તે સવારવાળા જ છે. જેમણે મારું પાટીયું ઉલટું કરી એના પર કંઈક લખેલું. જેના કારણે મારી ખાલી હેટમાં સિક્કાનો ઢગલો થઈ ગયેલ.

અંધ બાળકે એ શિક્ષકને પૂછ્યું : ભાઈ ! તમે એવી શું કમાલ કરી કે લોકો પહેલા મારી સામે ય જોવા તૈયાર ન હતા, એ સામેથી સિક્કા નાંખવા માંડ્યા.

શિક્ષકે કહ્યું : દોસ્ત ! મેં કાંઈ નવું નથી કર્યું. ફક્ત તારું પાટિયું ઊંધું કરી એમાં એટલું જ લખ્યું.

Today is most beautiful day, and i cannot see it.

(આજનો દિવસ ખૂબ સુંદર છે, પરંતુ હું એને જોઈ શકતો નથી.)

બસ ! આટલા લખાણથી જ ચમત્કાર થઈ ગયો.

પેલા બાળકની અંધ આંખોમાંથી આંસુના બે બુંદ સરીને ગાલ પર આવ્યા. પોતાના હાથે લુંછતા લુંછતા એ બોલ્યો : સર ! તમારો ઉપકાર ક્યારેય નહિ ભૂલું. આજે એક દિવસમાં મને જેટલી રકમ મળી છે એ કદાચ ૧૦ દિવસ હું અહીં ઉભો રહેત તો પણ મને ન મળી શકત.

વસ્તુ એની એજ હોય છે, પણ એને જોવાની દૃષ્ટિ–વિઝન બદલાઈ જાય તો એનું પરિણામ–રિઝલ્ટ બદલાઈ ગયા વગર ન રહે.

- પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર



# મોrninગ વિહાર

સંકલન : વિપુલભાઈ–વલસાડ
(મો.) ૯૮૯૮૭૮૦૮૯૭

## કેપ્ટન સમ્મેલનમાં આવેલા સૂચનો

પૂ.ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજની શુભનિશ્રામાં તા. ૨૦–૪–૨૦૧૪ના અમદાવાદ–રેવા જૈન સંઘમાં વિહાર સેવા ગ્રુપના કેપ્ટનોનું મિલન સંઘરત્ન સુશ્રાવક કુમારપાળભાઈ વિ. શાહની પ્રેરણાથી યોજાયું.

V.S.G. પ્રેરક પૂ.પં.શ્રી મહાબોધિવિજયજી મહારાજનું માંગલિક થયા બાદ તમામ ગ્રુપના કેપ્ટનોએ ઊભા થઈ અલગ અલગ સૂચનો કર્યા. જેમાંથી મહત્ત્વના સૂચનોનો અત્રે ઉલ્લેખ કરવામાં આવે છે.

૧. વિહાર દરમિયાન વ્હિલચેર પર સોલાર બેટરી લગાડવી જોઈએ.
૨. ૮ મહિના દરમિયાન જે યુવાને સહુથી વધુ વિહાર કર્યા હોય તે યુવાનનું ચાતુર્માસમાં પર્યુષણ દરમિયાન સકળ સંઘ સમક્ષ વિશિષ્ટ બહુમાન કરવું.
૩. રેડીયમના પાકિટ, ઘડા માટે રેડીયમના કવર, દાંડા – દંડાસન માટે રેડીયમની પટ્ટીની કિટ દરેક V.S.G.ના સેન્ટરમાં વસાવવી. જરૂરિયાત મુજબ સાધુ/સાધ્વીજી ભગવંતોને આપી શકાય.
૪. એક સ્થાનથી બીજે સ્થાન જવા માટે – હાઈવેને બદલે અંદરના રસ્તા હોય તો એ રસ્તે વિહાર કરવા માટે ગુરુભગવંતોને પ્રેરણા કરવી.
૫. દરેક સેન્ટર પાસે જરૂરિયાત મુજબ મોજા, મચ્છરદાની, પાણીની બેગ અને અણાહારી દવાઓ હોવી જોઈએ.
૬. V.S.G.ના સભ્યો વિહારમાં જાય ત્યારે બને ત્યાં સુધી શ્વેતવસ્ત્રમાં જવાનું રાખે. તેમજ પોતાનું I Card પણ સાથે રાખે.
૭. પ્રતિવર્ષ પોતપોતાના ક્ષેત્રની આજુબાજુના વિસ્તારમાં આવેલા તીર્થસ્થાનો, વિહારધામો અને જ્યાં સાધુ–સાધ્વીને ઉતારો મળતો હોય તેવા સ્થાનોના મેનેજરથી લગાવી વોચમેન સુધીના સહુનું યથોચિત બહુમાન પર્યુષણ જેવા મોટા દિવસોમાં કરવું.
૮. વાપીથી સુરત સુધીના V.S.G.ની માહિતી એક જ બેનરમાં મળે એવા બેનર બનાવી વાપીથી સૂરત સુધીના દરેક દેરાસર–ઉપાશ્રયમાં લગાડવા. એવી જ રીતે સૂરતથી વડોદરા, વડોદરાથી અમદાવાદ વગેરેમાં પણ સમજવું.
૯. આસપાસના ગામો કે શહેરોમાં દશથી વધુ યુવાનોની સંખ્યા હોય તો ત્યાં વિહાર સેવા ગ્રુપ સ્થપાય તે માટે ભરપૂર પ્રયત્ન કરવો.
૧૦. દશ કે વીશથી વધુ ગુરુભગવંતો એકી સાથે વિહાર કરવાના હોય ત્યારે પોલીસની સહાય લેવી. બને તો મહિનામાં એકાદ વાર પોલીસની સહાય લેતા રહેવી.
૧૧. વિહાર સેવાની જે વેબસાઈટ બની છે, તે અવાર–નવાર જોતા રહેવી. નવા સજેસન્સ આપતા રહેવા.
૧૨. સંઘ લેવલે થતા મોટા ફંક્ષન V.S.G.ના યુવાનો દ્વારા થાય તો તે V.S.G.ના બેનર હેઠળ કરવું. જેથી શ્રી સંઘને V.S.G.ની માહિતી મળે.
૧૩. V.S.G. સેન્ટર દ્વારા કોઈ પણ વિશિષ્ટ કાર્ય થાય તેની નોંધ મોર્નિંગન્યુઝમાં છપાય – તે માટે પ્રકાશકને માહિતી પહોંચાડવી.




## અનુમોદના... અનુમોદના... અનુમોદના...

૧ શાસનપ્રભાવક પૂ.આચાર્યદેવશ્રી રાજયશસૂ.મ.ની શુભપ્રેરણાથી અંકલેશ્વર ગામના યુવાનોએ વિહારસેવાનું કાર્ય ખૂબ ઉલ્લાસથી ઉઠાવી લીધું છે.
૨ વડોદરાના V.S.G.ના કેપ્ટનોની વિનંતીથી – ગચ્છાધિપતિ–પ્રવચનપ્રદીપ પૂ.આ.શ્રી પુણ્યપાલસૂ.મ.ની પાવનપ્રેરણાથી છાણીના યુવાનો V.S.G.માં જોડાઈને ખૂબ જ ઉલ્લાસથી સેવા આપી રહ્યા છે.
૩ પ્રભાવકપ્રવચનકાર પૂ.આચાર્યદેવશ્રી રત્નસુંદરસૂ. મ.ની પાવનનિશ્રામાં અંતરીક્ષજી તીર્થમાં વિદર્ભના (M.S.) સોળ જેટલા જૈન સંઘના ૨૫૦ યુવાનોનું સંમેલન થયેલ. તે દરમિયાન વિહાર સેવા માટે પણ ખૂબ મહત્ત્વની વિચારણા થયેલ. એ માટે વિદર્ભ જૈન મહાસંઘની સ્થાપના થયેલ. જેમાં શ્રી જતીન શાહ – ૯૩૭૧૧૭૭૭૪૪ તથા ધીરેન કોરડીયા – ૯૪૨૩૪૦૮૨૧૦ને મુખ્ય સંચાલક તરીકે ઘોષિત કરવામાં આવેલ.
૪ પૂ.મુનિશ્રી પુણ્યરક્ષિતવિ. મ. (પૂ.આ.શ્રી રામચંદ્રસૂ.મ.ના સમુદાયના)ની પાવન પ્રેરણાથી દક્ષિણ મહારાષ્ટ્રના વિચરણ દરમિયાન કરાડ, મસૂર, કોરેગાંવ અને સાતારામાં વિહાર સેવા ગ્રુપનું સર્જન થયું છે. પૂજ્ય પ્રવચનકાર મુનિશ્રી ખૂબ જ ઉત્સાહથી આ કાર્યમાં યુવાનોને જોડી નવા નવા ગ્રુપોની સ્થાપના કરાવે છે – જે ખૂબ જ અનુમોદનીય છે.
૫ અમદાવાદ–પાલડી ગ્રુપના રૂપેશ, રાજ, હાર્દિક, સરજુ, શ્રેયાંસ વગેરે યુવાનો જાતે માંડલ અને ધ્રાંગધ્રા જઈ – પ્રેરણા કરી V.S.G.ની સ્થાપના કરેલ. ધ્રાંગધ્રામાં પૂ.મુનિશ્રી અનંતયશવિ. મહારાજે સહકાર આપેલ.
૬ અમદાવાદ વાસણા–પાલડીના કેટલાક યુવાનો વિહારમાં સાધુ–સાધ્વીની સેવામાં રહેલા. સેવકોને ૫૦–૧૦૦ રૂપિયા ખુશી ભેટ રૂપે આપતા હોય છે.
૭. અમદાવાદનો એક યુવાન વિહારમાં જાય ત્યારે અચૂક નાસ્તાનો ડબ્બો લઈ જાય છે. જેથી વિહારધામમાં પહોંચ્યા પછી મહાત્માની ભક્તિનો લાભ મળે.
૮. અમદાવાદમાં થયેલ ૧૯ દીક્ષાના ઉત્સવમાં સમસ્ત અમદાવાદના ચારિત્રધર ગુરુભગવંતના સવાસો ગૃહે ૦॥ કિલો મિઠાઈ પહોંચાડવાની સેવાનો લાભ V.S.G.ના યુવાનોને મળેલ.

## નવા સ્થપાયેલ વિહાર સેવા ગ્રુપના સેન્ટર

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર | સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| **અંકલેશ્વર (ગામ)** | | **ગોરેગાંવ : (M.S.)** | |
| મનીષ ચૌધરી | ૯૯૨૫૫૫૩૯૩૩ | આશિષભાઈ | ૯૪૨૩૦૩૨૫૯૭ |
| સંજયભાઈ | ૯૪૨૭૧૮૮૮૮૭ | પંડિતજી ભંવરભાઈ | ૯૮૨૨૮૪૨૨૦૪ |
| **ધ્રાંગધ્રા :** | | **મસૂર : (M.S.)** | |
| પાર્થભાઈ | ૯૭૧૪૪૮૦૮૮૪ | કુમારપાળભાઈ | ૯૦૯૬૯૯૦૦૦૯ |
| રાજેશભાઈ | ૯૪૨૭૬૬૯૯૮૧ | જિતેશભાઈ | ૯૮૮૧૮૧૨૭૩૯ |
| **માંડલ :** | | **કરાડ : (M.S.)** | |
| પ્રકાશભાઈ | ૯૪૨૭૦૫૨૦૧૧ | પ્રણવભાઈ | ૯૮૬૦૦૩૦૩૨૯ |
| ટીનાભાઈ | ૯૪૨૬૫૫૭૪૩૦ | ભૂષણભાઈ | ૯૪૨૨૦૩૯૫૦૯ |
| **છાણી :** | | **શાહીબાગ (અ'વાદ)** | |
| બ્રીજેશભાઈ | ૮૫૧૧૩૨૦૭૮૩ | નિમેષભાઈ | ૯૭૧૨૦૨૮૫૮૪ |
| **સાતારા : (M.S.)** | | રિતેશભાઈ | ૯૩૭૭૩૩૭૪૭૨ |
| વિનોદભાઈ | ૯૪૨૨૬૦૬૯૩૩ | રાહુલભાઈ | ૯૮૯૮૧૧૧૨૧૩ |
| ખુશાલભાઈ | ૮૫૫૨૯૬૩૦૪૦ | | |



# મોrninગ પાઠશાળા

સંકલન :
જીતુભાઇ સર – મુલુંડ
(મો.) ૦૯૨૨૪૩૬૦૧૮૩

## એક અનુકરણીય-અનુમોદનીય પાઠશાળા

સંયમૈકનિષ્ઠ પૂ.આચાર્યદેવશ્રી જગચ્ચંદ્રસૂરિ મહારાજની શુભ પ્રેરણાથી પાંચ વર્ષ પૂર્વે સ્થપાયેલ ભાયંદરની ઉપાસના મંદિર પાઠશાળામાં હાલ ૧૦૦ જેટલા સ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. દર વર્ષે અષાઢ સુદ–૧૪ના દિવસથી નવા બાળકોને આ પાઠશાળામાં પ્રવેશ અપાય છે. પ્રવેશ પૂર્વે પ્રાથમિક અભ્યાસ (બે પ્રતિક્રમણ આદિ સૂત્રો તથા વિધિ આદિ) કરવો કંપલસરી છે. પ્રવેશ થયા બાદ સહુ પ્રથમ પ્રાથમિક અભ્યાસની પરીક્ષા લેવાય છે. એમાં ઉત્તીર્ણ થનારનું ૨૫૦૦ રૂપિયાથી બહુમાન કરાય છે.

ત્યાર બાદ પાંચ વર્ષના કોર્સના અભ્યાસનો આરંભ થાય છે. જેમાં પંચપ્રતિક્રમણના સૂત્રો, સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો તેમજ અનેક વિધિઓ આદિ કંઠસ્થ કરવાના રહે છે. આમાં ઉત્તીર્ણ થનારનું રૂા. ૩૧૦૦૦ થી બહુમાન થાય છે. તે પછી કંઠસ્થ સૂત્રોના અર્થનો અભ્યાસ શરૂ કરાય છે. એ પૂર્ણ થતા ૧૧૦૦૦ રૂા.થી બહુમાન કરવામાં આવે છે.

- રોજ નિયમિત હાજરી આપનાર બાળકોને ૧૫ રૂપિયાની પ્રભાવના અપાય છે.
- દર રવિવારે બાળકો માટે અષ્ટ પ્રકારી પૂજા, સામાયિક આદિ અનુષ્ઠાન કરાવાય છે. ત્યારબાદ અલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવે છે.
- મહિનામાં બે દિવસ બાળકોના વાલીઓનું મિલન ગોઠવાય છે. વિશેષ વિચારણાઓ થાય છે. તે પછી સહુને અલ્પાહાર કરાવાય છે.
- પક્ખી પ્રતિક્રમણ દરેક બાળક માટે ફરજિયાત છે. ન કરે તો ૧૦૦ રૂા. દંડ કરવામાં આવે છે.
- ગોખેલા સૂત્રો ભૂલાઈ ન જાય, સ્થિર રહે તે માટે વિવિધ સ્કિમ બનાવેલ છે. દા.ત. પક્ખી અતિચાર વર્ષમાં આંતરે આંતરે ૫જ વાર સંભળાવે તેનું ૫૦૦૦ રૂા. થી બહુમાન કરાય છે. એવી રીતે અજિતશાંતિ, મોટી શાંતિ વગેરેમાં પણ અલગ અલગ આયોજનો ગોઠવાયા છે.
- અવાર–નવાર ક્વિઝ પણ રખાય છે. જેમાં પારિતોષિક ઈનામ ૫૦૦ રૂપિયાથી લગાવી ઉપર–ઉપરના અનેક ઈનામોનું પ્રદાન થાય છે.
- આ સિવાય નૃત્ય, નાટિકા, સંગીત અને વક્તૃત્વ આદિ કળાઓમાં પણ બાળકોને નિષ્ણાત બનાવાય છે.
- પર્યુષણ સંબંધી – પ્રતિક્રમણ કરાવવું, પ્રવચન આપવું, સંધ્યાભક્તિ કરાવવી આદિ વિષયોમાં પણ બાળકોને પ્રવીણ બનાવવામાં આવે છે. તેમજ અલગ અલગ ક્ષેત્રોમાં આઠ દિવસ યા એક દિવસ માટે આરાધનાર્થે બાળકોને મોકલવામાં આવે છે. આરાધના કરાવીને આવેલા બાળકોનું સુવર્ણ દ્રવ્યથી બહુમાન કરાય છે.
- દર વર્ષે વાર્ષિક મેળાવડાનું આયોજન ખૂબ જ ભવ્ય રીતે થાય છે.

**વિશેષ વિગત માટે સંપર્ક કરી શકાય છે...**

**૧. અશોકભાઈ મહેતા (૯૮૯૨૩૭૪૫૭૪    ૨. ભાવેશભાઈ શાહ (૯૩૨૪૨૦૭૩૪૮)**


**પાઠશાળાનો સમય : સવારે ૭-૦૦ થી ૯-૩૦ રાત્રે ૮-૦૦ થી ૧૦-૩૦**

**પાઠશાળાનું સ્થળ :** અરિહંત બંગલો, રજિસ્ટ્રેશન ઓફિસ સામે, ૯૦ ફીટ રોડ, ભાયંદર (વે.) જિ. થાણા


**Note : આવી અન્ય પાઠશાળાઓની વિગત જો આપની પાસે હોય તો અવશ્ય જણાવશો.**



# મોrninગ PHOTO



VSG કેપ્ટન સમ્મેલન તા.૨૨-૪-૧૪



વલસાડ ગ્રુપે ઉજવેલ દ્વિતીય વાર્ષિક દિન

## મોrninગ મેસેજ



સંકલન : શ્રેણિક શાહ–અમદાવાદ
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧

પ્રિય મિત્રો...... પ્રણામ

આ અંક આપના હાથમાં આવશે ત્યારે કદાચ પૂજ્ય ગુરુભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ થઈ ગયો હશે ! વિહાર યાત્રા સમાપ્ત થઈ ગઈ હશે. આઠ મહિનાથી લગાતાર ચાલતી આપની વિહાર સેવાને અલ્પવિરામ મળશે. આપે કરેલી વિહાર સેવાને ખૂબ ખૂબ ધન્યવાદ !

આ વર્ષનું પૂ. ગચ્છાધિપતિ આદિ ગુરુદેવોનું ચાતુર્માસ અમદાવાદ, આંબાવાડી જૈન સંઘમાં છે.

**સ્થળ : શ્રી વાસુપૂજ્યસ્વામિ જિનાલય, નહેરુનગર ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ.**

ગત વર્ષની જેમ આ વર્ષનું વિહારસેવા ગ્રુપનું તૃતીય વાર્ષિક સંમેલન અમદાવાદ, આંબાવાડી ખાતે રાખેલ છે. આ સંમેલનમાં આપના ગ્રુપમાંથી આપ કેટલા મેમ્બરો સાથે, કઈ રીતે (બસથી, ટ્રેનથી કે પ્રાઈવેટ વાહનથી) અને કેટલા વાગ્યા સુધીમાં પધારી રહ્યા છો તે નીચેના નંબર પર જાણ કરશો. જેથી આપની વ્યવસ્થા અમે સારી રીતે કરી શકીએ.

આપ સહુ મિત્રો અચૂક પધારશો. અરે, વિહારસેવા ગ્રુપમાં ન જોડાયા હોય તેવા પણ યુવાનોને અવશ્ય સાથે લાવશો. ગત વર્ષની જેમ અનેક પ્રવૃત્તિઓથી ભરપૂર સંપૂર્ણ દિવસનો કાર્યક્રમ રહેશે.

**સૂચના :** VSG **ના તમામ સેન્ટરના કેપ્ટનોને નમ્ર વિનંતી છે કે આપના યુવાનોએ આઠ મહિના દરમ્યાન કરેલ વિહારનો સંપૂર્ણ રીપોર્ટ એક મહિનામાં આંબાવાડીના સરનામે પૂજ્યશ્રીને મોકલી આપવો.**

## વિહાર સેવા ગ્રુપ તૃતીય વાર્ષિક સંમેલન

**શુભ દિન : ભાદરવા વદ-૬, રવિવાર તા. ૧૪-૯-૧૪ સમય : સવારે ૯-૦૦ થી ૫-૦૦**
**સ્થળ : શ્રી જૈન વીશા ઓશવાળ કલબ-બેઝમેન્ટ**
**શ્રેયસ ફાઉન્ડેશનની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ**

વિશેષ જાણકારી માટે : **રૂપેશભાઈ - ૯૪૨૭૬૧૬૭૧૧ / રાજભાઈ - ૯૯૭૯૯૪૩૮૪૪**

**: સૌજન્ય :**
**શ્રી મોર્નિંગ પાઠશાળા - ભિવંડી [MP6]**

**Book-Post : Printed Matter**

**શ્રી,**

પ્રકાશક : **શ્રી વિહાર સેવા ગ્રૂપ C/o. કિરીટ ગ્રાફિક્સ**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧ e-mail : kiritgraphics@yahoo.com